# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) ઇસરોએ ગગનયાન મિશન માટે પેરાશૂટ આધારિત પ્રથમ ઇન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટનું પરીક્ષણ કર્યું.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારત તેના પ્રથમ માનવયુક્ત અવકાશ મિશન ગગનયાન માટે સંપૂર્ણપણે તૈયાર.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના સરદાર ધામમાં નિર્મિત કન્યા છાત્રાલયના બીજા તબક્કાનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું.

4) પ્રધાનમંત્રી આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે.

5) ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી વિધાનસભામાં અખિલ ભારતીય સ્પીકર પરિષદનું ઉદ્ઘાટન કર્યું.

6) ગુજરાતનાં અમદાવાદમાં આજથી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025નો આરંભ થયો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ISRO-TEST

ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ISRO એ ગગનયાન મિશન માટે પેરાશૂટ પર આધારિત પ્રથમ ઇન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ-IADT-01 નું પરીક્ષણ કર્યું. આ મહત્વપૂર્ણ કવાયત પેરાશૂટ દ્વારા અવકાશયાત્રીઓના સફળ ઉતરાણ સાથે સંબંધિત છે.

આ પરીક્ષણ ISRO, ભારતીય વાયુસેના, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન, ભારતીય નૌકાદળ અને ભારતીય તટરક્ષકના સંયુક્ત પ્રયાસો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

આ પરીક્ષણમાં, એક સંપૂર્ણ પેરાશૂટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જે અવકાશયાત્રીને પુનઃ પ્રવેશ અને પાણીમાં ઉતરાણ દરમિયાન ધીમી ગતિ અને સ્થિર સ્થિતિમાં નીચે ઉતારતો હતો.

આ ઉપરાંત, ISRO અન્ય પરીક્ષણો માટે પણ તૈયારી કરી રહ્યું છે. તેમનો ઉદ્દેશ્ય ભારતના પ્રથમ માનવયુક્ત અવકાશયાનના ઉડાન માટે માર્ગ મોકળો કરવાનો છે.

# RAJNATH SINH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારત તેના પ્રથમ માનવયુક્ત અવકાશ મિશન ગગનયાન માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે આ ફક્ત એક તકનીકી સિદ્ધિ નથી પરંતુ આત્મનિર્ભર ભારત તરફ એક નવો અધ્યાય છે. શ્રી સિંહે નવી દિલ્હીમાં ગગનયાનના યાત્રિકો માટે આયોજિત સન્માન સમારોહમાં આ વાત કહી. આ યાત્રિકોમાં ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા, પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજિત કૃષ્ણન અને અંગદ પ્રતાપનો સમાવેશ થાય છે.

(BYTE : RAJNATH SINH)

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારત માત્ર અવકાશમાં ઉપગ્રહો મોકલી રહ્યું નથી, પરંતુ ભારતે અવકાશના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વને પોતાની તાકાત બતાવી છે. તેમણે કહ્યું કે ભારત ચંદ્રથી મંગળ સુધી પોતાની હાજરી નોંધાવી ચૂક્યું છે.

# PM SARDAR DHAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદના સરદાર ધામમાં નિર્મિત કન્યા છાત્રાલયના બીજા તબક્કાનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી મોદીએ શુભકામના પાઠવતા કહ્યું, સરદાર ધામનું નામ જેટલું પવિત્ર છે તેટલું કામ પણ પવિત્ર છે.

**(બાઇટ : નરેન્દ્ર મોદી)**

વૈષ્ણોદેવી સ્થિત સરદાર ધામ ખાતે ત્રણ હજાર કન્યાઓ માટે આ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આ પ્રસંગે વર્ચ્યુઅલી હાજર રહ્યા હતા

# PRIME MINISTER - PRAKASH PARV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીના પ્રકાશ પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે શ્રી ગુરુ ગ્રંથ સાહિબજીના શાશ્વત ઉપદેશો જીવનને પ્રકાશિત કરે છે અને આપણને કરુણા, નમ્રતા અને સેવાના મૂલ્યોની યાદ અપાવે છે. પ્રધાનમંત્રીએ લોકોને શ્રી ગુરુ ગ્રંથ સાહિબ જીના જ્ઞાનના માર્ગને અનુસરવાની અપીલ કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PRIME MINISTER OF FIJI INDIA VISIT

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા આજે સાંજે દિલ્હીમાં ફિજીના પ્રધાનમંત્રી સિટિવેની રાબુકાને મળ્યા. ફિજીના પ્રધાનમંત્રી આજે સવારે ત્રણ દિવસની ભારત મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા. શ્રી રાબુકાનું સ્વાગત શિક્ષણ રાજ્યમંત્રી અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રી સુકાંત મજુમદારે વિમાનીમથક પર કર્યું. ફિજીના પ્રધાનમંત્રી સાથે તેમની પત્ની સુલુએતી રાબુકા પણ છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી રાબુકાની તેમની આ ભારતની પ્રથમ મુલાકાત છે. ફીજીના પ્રધાનમંત્રી રાબુકા આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે.

આ મુલાકાત ભારત અને ફિજી વચ્ચેના લાંબા ગાળાના અને સ્થાયી સંબંધોને મજબૂત કરશે.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવશે. તેઓ આવતીકાલે અમદાવાદમાં રૂ. ૫ હજાર ૪૦૦ કરોડના વિકાસકામોનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

ગુજરાત મુલાકાતના બીજા દિવસે, પ્રધાનમંત્રી હાંસલપુર ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડ ઉત્પાદનનું ઉદ્ઘાટન કરશે. તેઓ ૧૦૦ દેશોમાં નિકાસ કરવા માટે બેટરી સંચાલિત ઇલેક્ટ્રિક વાહનોના એક જથ્થાને પણ લીલી ઝંડી આપશે.

રાજ્યની તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી રૂ. ૧ હજાર ૪૦૦ કરોડના રેલ્વે પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે.

# AMIT SHAH-ALL INDIA SPEAKERS' CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હી વિધાનસભામાં બે દિવસીય અખિલ ભારતીય સ્પીકર પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પરિષદનું આયોજન કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ચૂંટાયેલા અધ્યક્ષ વિઠ્ઠલભાઈ પટેલના શતાબ્દી વર્ષ નિમિત્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે દેશની સ્વતંત્રતાની જેમ જ આઝાદી પછી લોકશાહી રીતે દેશ ચલાવવાનું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે વીર વિઠ્ઠલભાઈ પટેલે ભારતીય આદર્શો પર લોકશાહી રીતે દેશ ચલાવવાનો પાયો નાખ્યો હતો.

(BYTE : AMIT SHAH)

આ પ્રસંગે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે વિરોધ કરવાનો સભ્યોનો અધિકાર છે, પરંતુ તેઓ કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી શકતા નથી.

# COMMONWEALTH WEIGHTLIFTING

ગુજરાતનાં અમદાવાદમાં આજથી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2025નો આરંભ થયો. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતેથી આ રમતોત્સવનો શુભારંભ કરાવતા કહ્યું કે, આ માત્ર ચેમ્પિયનશિપ નથી, તે દેશના ઉભરતા ખેલાડીઓની પ્રેરણાનું કેન્દ્ર છે.

(બાઇટ : મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી )

31 ઓગસ્ટ સુધી યોજાનાર આ રમતોત્સવમાં 30 કોમનવેલ્થ દેશોના 291 ખેલાડી ભાગ લેશે, જેમાં 3 વખતના કોમનવેલ્થ ગેમ્સ સુવર્ણ ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનું સહિતના ભારતીય ખેલાડી આ સ્પર્ધાને રોમાંચક બનાવશે.

આ રમતોત્સવ ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ છે.

# ELECTION COMMISSION-BIHAR

ચૂંટણી પંચે જણાવ્યું છે કે, બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદી પર વાંધા અને દાવા માટે અત્યાર સુધીમાં 98 ટકાથી વધુ મતદારોના દસ્તાવેજો પ્રાપ્ત થયા છે. વાંધા અને દાવા દાખલ કરવા માટે હજુ આઠ દિવસ બાકી છે. આ સમયગાળા દરમિયાન, નાગરિકો મતદાર યાદી પર દાવા અને વાંધા દાખલ કરી શકે છે તેમજ તેમના દસ્તાવેજો પણ રજૂ કરી શકે છે. જે તેમણે મતગણતરી ફોર્મ ભરતી વખતે રજૂ કર્યા ન હતા.

# BIHAR-RAVI SHANKAR PRASAD

ભાજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે આરોપ લગાવ્યો છે કે વિપક્ષી નેતાઓ ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ ન હોવાથી મતદાર યાદીના વિશેષ સઘન સુધારા (SIR)નો વિરોધ કરી રહ્યા છે.

આજે પટણામાં પત્રકારોને સંબોધતા શ્રી પ્રસાદે આરોપ લગાવ્યો કે ડ્રાફ્ટ મતદાર યાદી 1 ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધી મળેલા દાવાઓ અને વાંધાઓ SIR ની વિગતો સાથે મેળ ખાતા નથી. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળના બ્લોક સ્તરના એજન્ટોએ પણ રાજ્યની બહાર રહેતા લોકો અથવા મૃતકો વિશે ફરિયાદ નોંધાવી નથી.

# DELHI - CAT - GST

વસ્તુ અને સેવા કર (GST) માં વધુ સુધારા કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિર્ણયનું કન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સ (CAT) એ સ્વાગત કર્યું છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણને લખેલાં પત્રમાં, CAT એ કહ્યું છે કે GST ને સરળ બનાવવા અને કર શ્રેણીને તર્કસંગત બનાવવાના પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણથી દેશની વેપાર વ્યવસ્થા વધુ મજબૂત બનશે, જેનો લાભ નાના રિટેલરો, કરિયાણાની દુકાનો અને ખાસ કરીને નાના દુકાનદારોને થશે.

CAT ના રાષ્ટ્રીય પ્રમુખ બી.સી. ભરતિયાએ કહ્યું છે કે જ્યારે GST કર પ્રણાલીનું પુનર્ગઠન કરવામાં આવી રહ્યું છે, ત્યારે કર શ્રેણીને ફરીથી વ્યાખ્યાયિત કરવી જરૂરી છે.